
રિટેઇલ બિઝનેસ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

રિટેઇલ વ્યાપારો માટે જે તે સૅક્ટરનાં વિશિષ્ટ COVID-19 સુરક્ષા ધોરણો પૂરાં કર્યાં વિના રિટેઇલ વ્યાપારમાં કોઈ પ્રવૃત્તિ થઈ શકશે નહિ. રાજ્ય દ્વારા આ ધોરણોને રદ કરવામાં ન આવે કે તેમાં સુધારો ન કરવામાં આવે ત્યાં સુધી ખેડૂતોની બજારો સિવાય બધા રિટેઇલ વ્યાપારોને તે લાગુ પડશે, જેનું નિયમન સાર્વજનિક સ્વાસ્થ્ય વિભાગના નિર્દેશો પ્રમાણે થવાનું ચાલુ રહેશે.  આ ધોરણો સાર્વજનિક સ્વાસ્થ્ય વિભાગના હાલના નિર્દેશો કે જે કરિયાણાના સ્ટોર અને ફાર્મસીનું નિયમન કરે છે તેના સ્થાને લાગુ પડશે.

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




### સામાજીક અંતર

પ્રત્યેક વ્યાપાર ગ્રાહકના પ્રવેશ અને ઍક્ઝિટ પર નજર રાખે તથા નીચેનામાંથી જે વધારે હોય તે પ્રમાણે ઈમારતમાં તમામ સમયે હાજર વ્યક્તિઓની સંખ્યા મર્યાદિત રાખે તે અનિવાર્ય બનશે:

- મ્યુનિસિપલ બિલ્ડિંગ વિભાગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ હોલ્ડર સાથે રેકૉર્ડ પર હોય એવી કબ્જાની પરમિટમાં જણાવ્યા પ્રમાણે જે તે જગ્યામાં મહત્તમ માણસો રહી શકે તે અંગે ઈમારતની ક્ષમતાના 50% જેટલા લોકો જ હાજર રહી શકશે
- જેના માટે હાજર વ્યક્તિઓની મર્યાદા અંગેની કોઈ મંજૂરી રેકૉર્ડ પર ન હોય એવી ઈમારતો ઍક્સેસિબલ સ્પેસના 1,000 ચોરસ ફીટ દીઠ 10 વ્યક્તિઓ (સ્ટાફ સહિત)ને મંજૂરી આપી શકશે
- કોઈ પણ સ્થિતિમાં ઈમારતની અંદરની બંધ જગ્યામાં 1,000 ચોરસ ફીટ દીઠ 10થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહિ
- તમામ હાજર વ્યક્તિઓની સંખ્યા અને ગણતરીઓમાં ગ્રાહકો, સ્ટાફ અને અન્ય કામદારોનો સમાવેશ થશે

બંધ શૉપિંગ મૉલ અને અન્ય ઇન્ડોર, એકથી વધુ ભાડૂતો સાથેની રિટેઇલ સ્પેસના ઑપરેટરો કોમન વિસ્તારોમાં ગ્રાહક અને કામદારના પ્રવેશ અને ઍક્ઝિટ પર નજર રાખે અને કોમન વિસ્તારોમાં મહત્તમ હાજર વ્યક્તિઓની સંખ્યા બધા સમયે મહત્તમ મર્યાદાના 50% સુધી રાખે તે જરૂરી છે

બંધ શૉપિંગ મૉલ્સ અને અન્ય ઇન્ડોર રિટેલ સ્પેસ કે જે એકથી વધુ ભાડૂતો ધરાવતી હોય તેમાં:

- ખોરાક અને પીણાં પીરસતા રિટેઇલરો અથવા રેસ્ટોરાં (સ્વતંત્ર રેસ્ટોરાંનો સમાવેશ નથી) માત્ર ટેક-આઉટ અથવા ડિલિવરી સર્વિસ જ પૂરી પાડી શકશે
- ફૂડ કૉર્ટ સહિતના કોઈ પણ બેઠક વિસ્તારો બંધ કરવાના રહેશે
- બાળકોના કોઈ પણ પ્લે એરિયા બંધ કરવાના રહેશે
- તમામ આચ્છાદિત માર્ગો (આર્કેડ) બંધ રાખવાના રહેશે

ફાર્મસી વિભાગ ધરાવતા ગ્રોસરી સ્ટોર્સ અને રિટેઇલ સ્ટોર્સ 60 વર્ષ અને તેથી વધુ ઉંમરની પુખ્ત વ્યક્તિઓ માટે વહેલી સવારે ઑપરેશનના પ્રત્યેક દિવસે ઓછામાં ઓછા એક કલાક માટે ખાસ કલાકો ફાળવે તે જરૂરી છે.  આ કલાકો સ્પષ્ટ રીતે દેખાય તે રીતે પોસ્ટ કરવાના રહેશે

જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓની વચ્ચે 6 ફૂટ કે વધુનું અંતર રહે તેની ખાતરી કરો:

- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનનાં ક્ષેત્રો) જેથી સામાજિક અંતર જાળવી શકાય
- જે વર્કસ્ટેશનો વચ્ચે જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઈએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઈએ)
- જ્યાં શક્ય હોય ત્યાં ચેકઆઉટ સ્ટેશનો માટે ભૌતિક આડશો બેસાડો, અન્યથા જ્યાં શક્ય ન હોય ત્યાં 6 ફૂટનું અંતર જાળવો
- ગ્રાહકોને 6 ફૂટ દૂર રહેવાનો આગ્રહ કરવા માટે દેખાય એવા સોશિયલ ડિસ્ટન્સિંગનાં માર્કર બેસાડો (દા.ત., લાગુ પડતું હોય તો સ્ટોર્સની બહાર લાઇનો, ચૂકવણી કરવા માટે લાઇનો, રેસ્ટરૂમનો ઉપયોગ કરવા માટે લાઇનો)
- 6 ફૂટનું અંતર સૂચવવા માટે રૂમો અને હૉલવે પર નિશાન કરો

શક્ય હોય તો સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે દિશાસૂચક ગલિયારા તૈયાર કરો (દા.ત. સ્ટોરમાં વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ, વન-વે ગલિયારા). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો

છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રાખો

બધા કામદારો અને ગ્રાહકો માટે ફેસ કવરિંગ આવશ્યક બનાવો, સિવાય કે રોગ અથવા વિકલાંગતાના કારણે તેમ કરવું અસુરક્ષિત હોય

રિટેઇલરો સલાડ બાર્સ અને કોઈ પણ અન્ય સેલ્ફ-સર્વની વસ્તુઓ અથવા અન્ય ખુલ્લાં ગૂડ સ્ટેશનો બંધ કરે તે અનિવાર્ય છે અને કોઈ પણ ખુલ્લા મફત નમૂનાઓ કે ટેસ્ટિંગ્ઝ દૂર કરે તે જરૂરી છે

રિટેઇલરો વ્યક્તિગત વપરાશની ચીજો (દા.ત., મેક-અપ, અત્તર, લોશન)નો નમૂનો લેવાની કે તેને લગાડવાની મંજૂરી આપી શકશે નહિ

જે વ્યાપારો માટે પોતાની કામગીરી જરૂરી હોય એવા વ્યાપારો માટે ફિટિંગ રૂમની અનુમતિ આપો ગ્રાહક દ્વારા પહેરી જોવામાં આવેલ કોઈ પણ કપડાંને ફ્લોર પર પાછાં લાવતાં પહેલાં 24 કલાક માટે ક્વોરન્ટીન કરવાનું રહેશે અથવા તો સંપૂર્ણપણે સ્ટીમ ક્લીન કરવાનું રહેશે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જો સ્ટોર ડિલિવરી, રસ્તાની એક બાજુએ પિકઅપ કરવાની સુવિધાઓ અથવા "માત્ર અપોઇન્ટમેન્ટથી જ શૉપિંગ" એવી મર્યાદિત સુવિધા આપતો હોય તો ગ્રાહકોને સ્ટોરમાં આવતાં પહેલાં આ પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે

અન્ય રિટેઇલ સ્ટોર્સ CDC દ્વારા આપેલી વ્યાખ્યા પ્રમાણે ઊંચા જોખમ હેઠળની વસ્તી માટેના વિશિષ્ટ કલાકો કે અન્ય વસવાટ આપે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે

ચૂકવણીની સંપર્કરહિત પદ્ધતિઓ માટે આગ્રહ કરવામાં આવે છે

રિટેઇલ બિઝનેસ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત
## સુરક્ષાનાં ધોરણો

### આરોગ્ય પ્રોટોકોલ્સ

સહિયારાં ઉપકરણો, જેમ કે કેશ રજિસ્ટર્સ, ઇન્ટરકૉમ, ટૅગિંગ મશીનોનો અન્ય કર્મચારી દ્વારા ઉપયોગ કરવામાં આવે તે પૂર્વે તેમને ડિસઇન્ફેક્ટ કરો

જ્યાં શક્ય હોય ત્યાં સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધા સરળતાથી મળી શકે તેની ખાતરી કરો અને વારંવાર હાથ ધોવાનો આગ્રહ કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઈ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેનાં આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સ પ્રવેશદ્વાર અને સમગ્ર ફ્લોર એરિયાઝમાં કામદારો તેમજ ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવવાં જોઈએ

કામદારોની વચ્ચે ઉપકરણો અને પુરવઠો શેઅર કરવાનું ટાળો

કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકવાં.

ફરીથી ઉપયોગમાં લઈ શકાય એવી થેલીઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકો; સ્ટોર્સને પ્લાસ્ટિક કે પેપરની બૅગોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવે છે

---

### સ્ટાફ અને કામગીરીઓ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- બિમાર હો તો કામ પર ન આવવાનું મહત્ત્વ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

સુવિધાકેન્દ્રોએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વોરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ્સ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો)

હાલમાં કામના કલાકો સિવાય સૅનિટેશન અને સફાઈ શક્ય બનાવવા માટે વ્યાપારી સંસ્થાઓએ કામકાજના કલાકો ઓછા કરવા જોઈએ

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના [કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણો]માં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

ફર્નિચર અને ઉપકરણો જેવી વસ્તુઓની ઘરે ડિલિવરી માટે કામદારો ઘરમાં પ્રવેશે તે પહેલાં લક્ષણો માટે ગ્રાહકોને તપાસો. જો ગ્રાહક સૂચવે કે ઘરમાં સંભવિતપણે COVID-19 પૉઝિટિવ વ્યક્તિ હાજર છે તો ડિલિવરીમાં વિલંબ કરો

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

### ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે કામદારોને ભારે આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઈ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

જ્યાં શક્ય હોય ત્યાં ઓવરલૅપ ઓછો કરવા માટે કર્મચારીઓની ગતિવિધિઓ અલગ-અલગ વર્ક ઝોન પૂરતી મર્યાદિત રાખો

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે

## ફરજિયાત
## સુરક્ષાનાં ધોરણો



**સફાઈ અને રોગાણુનાશન**

રેસ્ટરૂમોમાં સામાન્યપણે સ્પર્શવામાં આવતી સપાટીઓ (દા.ત. ટૉઇલેટ સીટ્સ, ડોરનૉબ, સ્ટૉલ હૅન્ડલો, સિંક, પેપર ટુવાલ ડિસ્પેન્સર, સોપ ડિસ્પેન્સર)ને અવારનવાર અને CDCના નિર્દેશો અનુસાર સાફ કરો

સાઇટની અવારનવાર સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, બાથરૂમો, બાસ્કેટ, કાર્ટ, સ્ટાફ બ્રેક રૂમો)

કોઈ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના CDC નિર્દેશો અનુસાર ઊંડી સફાઈ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો

ગ્રાહકો દ્વારા એક વખત કપડાં પરત કરાયાં બાદ અથવા પહેરી જોવામાં આવ્યાં બાદ તેમને 24 કલાક માટે સેવામાંથી દૂર કરો (સ્ટાફ દ્વારા તે પરત કરવામાં આવે અને અન્ય ગ્રાહક દ્વારા અડવામાં આવે તે પહેલાં)

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો